અપીલ અરજી નં.૩૫૨ તા.૨૪–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા. ૧૯–૯–૧૧ની અરજીથી રહેઠાણવાળી મિલકતનો ઉપયોગ રહેઠાણમાં ન કરી મિલકતના માલીકોએ મોતી પાવરથી ચાલતા હેવી જરી ટીવસ્ટીંગ મશીનો નાંખી કારખાના ચાલુ કરવામાં આવ્યા તે બાબતે સંબંધિત વિભાગોમાં તા. ૧૫–૨–૧૧, તા. ૧૧–૪–૧૧, તા. ૧૬–૫–૧૧ વિગતવાર અરજી કરવામાં આવેલ તે અરજીની નકલ ફાળવવી વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૨/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ પટેલની તા. ૧૯–૯–૧૧ની અરજીથી રહેઠાણવાળી મિલકતનો ઉપયોગ રહેઠાણમાં ન કરી મિલકતના માલીકોએ મોતી પાવરથી ચાલતા હેવી જરી ટીવસ્ટીંગ મશીનો નાંખી કારખાના ચાલુ કરવામાં આવ્યા તે બાબતે સંબંધિત વિભાગોમાં તા. ૧૫–૨–૧૧, તા. ૧૧–૪–૧૧, તા. ૧૬–૫–૧૧ વિગતવાર અરજી કરવામાં આવેલ તે અરજીની નકલ ફાળવવી વિ. માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજીમાં નિર્દિષ્ટ નકલો મળેલ હોય તો નકલો પણ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૪ તા.૮–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ., વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને સ્વંય કરેલ અરજીની નકલ તેમની પાસે હોવાનું અનુમાનિત છે. તેમની કક્ષાએ હોય તો નકલ રજુ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૫૬૮ તા.૧૪–૧૧–૧૧ તથા પત્ર નં. વીઆઈડી /૧૬૪૪ તા.૨૪–૧૧–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ, પત્ર નં. વીઆઈડી / ૧૫૬૮ તા.૧૪–૧૧–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૧૬–૫–૧૧ ની અરજીની નકલ, તા.૨૯–૭–૧૧ ની અરજદારની અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી અરજદારને પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૬૨૪ તા.૨૨–૭–૧૧ ના પત્રની નકલ, તા.૨–૯–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/પીઆઈ/૨૬૪ તા.૧૭–૧૧–૧૧ ના પૂરક પત્ર અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૯૪ તા.૨૫–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૯–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે સમય મર્યાદામાં માહિતી મળેલ નહીં હોવાનું જણાવી તા.૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્લઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૯૪ તા.૨૫–૧૦–૧૧ થી સમય અવધિ બાદ " તા.૧૫–૨–૧૧, તા.૧૧–૪–૧૧ ની અરજીમાં સુમપાએ શા માટે પગલા લીધા નથી તેમજ કરેલ કાર્યવાહીની માહિતી માંગેલ છે જે અન્વયે જણાવવાનું કે આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે કારણો કે અભિપ્રાય આપવાના હોતા નથી તા.૧૬–૫–૧૧ થી આપશ્રી તરફથી સૂચન કરવામાં આવેલ છે કોઈ માહિતી માંગવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. તથા માંગ્યા મુજબની નકલો સામેલ કર્યાનું જણાવેલ છે. વધુમાં અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ /૧૦૩૪ તા.૮–૧૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ વિભાગને પત્ર

પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને વીજલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૫૬૮ તા.૧૪–૧૧–૧૧ ના પત્રથી આઈ ડી નં.૮૬૮ તા.૧૯–૯–૧૧ ની અરજદારની અરજી વીજીલન્સ વિભાગનો રેકર્ડ તપાસતાં અરજી આવેલ નથી. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/પીઆઈ/૨૬૪ તા.૧૭–૧૧–૧૧ થી આઈ ડી નં.૮૬૮ તા.૧૯–૯–૧૧ ની અરજદારની અરજી જે તે સમયે કે અત્યાર સુધી આરોગ્ય વિભાગને સેન્ટ્રલઝોન તરફથી ટ્રાન્સફર કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપર હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે માંગેલ માહિતીનું વિવરણ જોતાં માલુમ પડેલ છે કે તેમાં માંગવામાં આવેલ માહિતી આરોગ્ય વિભાગને લાગત નથી જેથી અરજદારની અપીલ અરજી પરત્વે આરોગ્ય વિભાગ તરફથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારીએ તા.૨૫–૧૦–૧૧ ના રોજ માહિતી–નકલો અરજદારને આપ્યાનું જણાવેલ છે. જે અરજદારે સ્વયં કરેલ અરજી હોઈ તેમની કક્ષાએ હોવાનું પણ અનુમાનિત છે. તેમ છતાં અરજદારે અપીલ તબકકે તક આપવા છતાં વધુ કોઈ પ્રકાશ પાડેલ નથી. જે તેમને માંગેલ માહિતી મળ્યાનું પ્રતિપાદિત કરે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ., વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી સુરેશ એમ. પટેલ